# વિન્ટેજ, ક્લાસિક અને સુપર કાર્સનું થાણેમાં અદ્ભુત પ્રદર્શન

## ‘રેમન્ડ ૧૦૦ ઓટોફેસ્ટ’

### ત્રણ દિવસના ઓટોફેસ્ટનો આજે છેલ્લો દિવસ છે, જવાનું ચૂકતા નહીં




(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિન્જેટ કાર અને વિન્ટેજ બાઈકના શોખીન હોય તો થાણેમાં ચાલી રહેલા ‘રેમન્ડ ૧૦૦ ઓટોફેસ્ટ’ જોવા જજો. આજે એનો છેલ્લો દિવસ છે તો ત્યાં પહોંચી જજો. થાણેમાં શુક્રવારથી ત્રણ દિવસનું ઓટોફેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સુપર કાર, વિન્ટેજ કાર અને ક્લાસિક કારની સાથે જ સુપર બાઈક, વિન્ટેજ બાઈક અને સ્પોર્ટ્સ કાર જોવા મળી રહી છે. લગભગ ૫૩૦થી વધુ વિન્ટેજ કારનો ભવ્ય નજારો એક જ જગ્યાએ જવલ્લે જ જોવા મળે છે. ઓટોફેસ્ટમાં સૌથી જૂની કાર ૧૯૧૪ની સાલની છે. આ ઓટોફેસ્ટમાં દેશના જુદા જુદા શહેરોમાંથી આવેલી વિન્ટેજ કારની ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં પણ નોંધ લેવામાં આવી છે.

થાણેમાં શુક્રવાર ૧૦ જાન્યુઆરીથી ચાલુ થયેલા ઓટોફેસ્ટમાં બે દિવસ દરમિયાન મોટી સંખ્યામાં સ્કૂલના બાળકો સહિત નાગરિકો હાજરી આપી ચૂકયા છે. આજે રવિવારે છેલ્લો દિવસ છે ત્યારે મોટી સંખ્યામાં લોકો વિન્ટેજ કાર અને બાઈક જોવા હાજરી આપે એવી શક્યતા છે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પણ રવિવારે સવારના ઓટોફેસ્ટમાં હાજર રહેવાના છે. એક અંદાજ મુજબ ઓટોફેસ્ટમાં પહેલા દિવસે સ્કૂલનાં ૧૭,૦૦૦ બાળકો અને ૨૪,૮૦૦થી વધુ નાગરિકો આવ્યા હતા. તો શનિવારે મોડી રાત સુધીમાં ૩૦,૦૦૦થી વધુ લોકોએ ઓટોફેસ્ટમાં હાજરી પુરાવી હતી. રવિવારે આમાં વધારો જોવા મળે એવું આયોજકોનું માનવું છે.

ઓટોફેસ્ટનું આયોજન રેમન્ડ ગ્રૂપ અને સુપર કાર ક્લબ ગેરેજ દ્વારા કરવામાં આવ્યું છે, જેમાં વિન્ટેજ એન્ડ ક્લાસિક કાર ક્લબ ઓફ ઈન્ડિયાનો પણ સહકાર રહ્યો છે. રેમન્ડ ગ્રૂપના ગૌતમ સિંઘાનિયાના જણાવ્યા મુજબ અમારી કંપનીના પ્રવાસને ૧૦૦ વર્ષ પૂરા થયા છે, તેની યાદમાં આ ત્રણ દિવસના ભવ્ય ઓટોફેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે. થાણેમાં આ પ્રકારના ઓટોફેસ્ટનું પહેલી વખત આયોજન કરવામાં આવ્યું છે. ઓટોફેસ્ટમાં ગૌતમ સિંઘાનિયાની અનેક સુપર કારને પણ સામેલ કરવામાં આવી છે.

સુપરકાર અને સુપરબાઈકથી લઈને વિન્ટેજ ક્લાસિક એવાં ૫૦૦થી વધુ વાહનો એક જ છત નીચે જોવા મળી રહ્યા છે. આ કાર્યક્રમમાં ગ્લોબલ રેસિંગ આઈકોન મિકા હાકિનન અને નારાયણ કાર્તિકિયનની સાથે જ મોટર સ્પોર્ટ્સના દિગ્ગજ ગૌરવ ગિલ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ ક્રિકેટર રવિ શાસ્ત્રીની ઓડી ૧૦૦ છે, જે સુપર કાર ક્લબ ગેરજ દ્વારા રિસ્ટોર કરવામાં આવી છે. ૧૯૮૫માં બેન્સન એન્ડ હેજિસ કપ જીતનારી ભારતીય ટીમના ઓલરાઉન્ડર રવિ શાસ્ત્રીને આ કાર મેન ઓફ ધ સિરીઝના એવોર્ડ તરીકે મળી હતી. ■



### સૌથી જૂની કાર ૧૯૧૪ની

વિન્ટેજ એન્ડ ક્લાસિક કાર ક્લબ ઓફ ઈન્ડિયાના ચેરમેન નીતિન ડોસા પોતે વિન્ટેજ કારના શોખીન છે અને તેમના પોતાના કાફલામાં મોટી સંખ્યામાં વિન્ટેજ કારનો સમાવેશ થાય છે. તેમના પોતાના પર્સનલ કલેકશનમાંથી અહીં ઓટોફેસ્ટમાં ૧૭ વિન્ટેજ કાર લાવવામાં આવી છે. નીતિન ડોસાએ ‘મુંબઈ સમાચાર’ને જણાવ્યું હતું કે ઓટોફેસ્ટમાં અમુક કાર દેશની આઝાદી પહેલાની તો અમુક આઝાદી બાદની કારનો સમાવેશ છે. ઓટોફેસ્ટમાં લગભગ ૫૩૦ કાર છે, જે દિલ્હી, અમદાવાદ, લખનૌ, જયપુર સહિત દેશના અનેક રાજ્યોમાંથી લાવવામાં આવી છે. આ પ્રદર્શનમાં સૌથી જૂની કાર ૧૯૧૪ની વુલ્ઝલી છે જે મારી છે. એ સિવાય બીજી ૧૯૬૨ની એક મર્સિડીઝ બેન્ઝ ૧૯૦ એસએલ છે. બીજી કાર ૧૯૩૭ની પૅકર્ડ ૧૨૦ છે, જે દેશની આઝાદી બાદ ૧૯૫૨માં પાકિસ્તાન ગઈ હતી અને ત્યાંથી પાછી ભારત આવી હતી. ■







અમારી કંપનીના પ્રવાસને ૧૦૦ વર્ષ પૂરા થયા છે, તેની યાદમાં આ ત્રણ દિવસના ભવ્ય ઓટોફેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે.
– ગૌતમ સિંઘાનિયા, રેમન્ડ ગ્રૂપ










(તસવીરો: અમય ખરાડે)

## સંસ્થા સમાચાર

### ધીરગુરુદેવની નિશ્રામાં અજયભાઈ શેઠનું ઓડીટોરિયમ નામકરણમાં ૫૧ લાખનું દાન




શ્રી સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવા સમાજ- રાજકોટના ઉપક્રમે પૂ. શ્રી ધીરગુરુદેવના સાંનિધ્યે ૯૨ વર્ષીય મુખ્ય દાતા શ્રી શશીકાંતભાઈ બદાણીના હસ્તે પ્રવેશદ્વાર ઉદ્ઘાટન અને અનાવરણ વિધિ શ્રી મહેશભાઈ વાઘર, શ્રી અજયભાઈ શેઠના હસ્તે કરવામાં આવેલ.

આ પ્રસંગે ગુરુદેવે જણાવેલ કે- શિશુ, શીશી અને શિષ્યને ઢાંકણ જરૂરી છે. ઢાંકણના અભાવમાં તેની સુરક્ષા થતી નથી.

આ પ્રસંગે સરસ્વતી શિશુ મંદિરના ઓડીટોરિયમ નામકરણમાં મા સ્વામી જય- વિજયાજી પ્રેરિત શ્રી અજયભાઈ અને બીનાબેન શેઠ તરફથી રૂપિયા ૫૧ લાખનું દાન જાહેર કરતાં હર્ષોલ્લાસ છવાયો હતો. મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય ડૉ. દર્શિતા શાહ, જીતુભાઈ બેનાણી, શૈલેશ વિરાણી, હરેશ વોરા વગેરેની હાજરી હતી. ચેરમેન અપૂર્વ મણીયારે સ્વાગત કરેલ. દીકરીઓએ નૃત્ય કરેલ. અજયભાઈ શેઠએ શશીભાઈ બદાણીની ભાવનાને બિરદાવી હતી.

### રાજકોટને સમાજોપયોગી કરોડોના દાન અપાવનાર ધીરગુરુદેવની નિષ્કામ, નિ:સ્વાર્થ ભાવના વંદનીય છે



ગોંડલ સંપ્રદાયમાં ૧૯૮૨માં જૈન ધર્મની દીક્ષા અંગીકાર કરનાર પિતા-પુત્ર એટલે ૮૦ વર્ષના પૂજ્યપાદ પ્રેમગુરુદેવ અને ૨૪ વર્ષના પુત્ર પૂ. ધીરગુરુદેવ. જેઓનો જન્મ જામનગર જિલ્લાના મૂઠી જેવડા જશાપર ગામે થયેલ. પૂ. પ્રેમગુરુદેવ દીક્ષા પૂર્વે સરપંચ પદે ૫૦ વર્ષ કાર્યરત રહ્યા હતા.

૧૯૯૬માં ખાસ કરીને સાધ્વીજીઓના સંયમની સુરક્ષા કાજે વિહારધામ યોજનાનો પ્રારંભ પૂ. ધીરગુરુદેવના અનુગ્રહથી થયા બાદ સૌરાષ્ટ્ર, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, પૂર્વ ભારત વગેરે ક્ષેત્રમાં ઉપાશ્રય, ગર્લ્સ હોસ્ટેલ, બહેરા-મૂંગા શાળા, જૈન બોર્ડિંગ, મહાવીર ભવન, ભોજનાલય વગેરે ૧૦૮થી વધુના નૂતનીકરણ કે નવનિર્માણ થવા પામેલ છે. હાલ રાજકોટને સરસ્વતી શિશુ મંદિર સંકુલનું ૧૧ કરોડના ખર્ચે, વિરાણી બહેરા-મૂંગા શાળા સંકુલ ૧૫ કરોડ, જૈન બોર્ડિંગ, મહાવીર ભવન ૧૫ કરોડના ખર્ચે તેમજ અમદાવાદ-બોપલમાં ૨૧ કરોડના ખર્ચે ધર્મ સંકુલ અને મેડિકલ સેન્ટર, કલકત્તામાં ૧૦ કરોડના ખર્ચે ધર્માલયનું કાર્ય પૂર્ણ થયેલ છે અને ઈન્દોરમાં જૈન ભવનનું ૧૦ કરોડના ખર્ચે નિર્માણ થશે.

‘‘હાર્ડવર્ક નહીં સ્માર્ટ વર્ક’’માં માનનારા ગુરુદેવ હંમેશાં કહે છે કે- ‘આપ્યું તેને અર્પણ’’ અર્થાત્ આપણા પૂર્વજો આપીને ગયા છે તો આપણે સંવર્ધન કરી જેનું છે તેને આપવાની ભાવના રાખવાથી મનની પ્રસન્નતા વધે છે. ૧૨ જાન્યુઆરીના ઢેબર રોડ ખાતે વિરાણી બહેરા-મૂંગા શાળા સંકુલનું ઉદ્ઘાટન વિધિ યોજાયેલ. ■

## ઉદ્ઘાટનનું રાજકારણ કોરણે મૂકી મલાડનો મીઠ ચોકી પુલ શરૂ કરી દેવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલાડ (પશ્ચિમ)માં ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ લાવવા માટે અને કનેક્ટિવિટી સુધારવા માટે મહત્ત્વનો બની રહેલો મીઠ ચોકી ફ્લાયઓવરનો દક્ષિણ તરફનો ભાગ શનિવારે આખરે વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. પહેલા તબક્કામાં ફ્લાયઓવરનું ઉદ્ઘાટન અગાઉ જ થઈ ગયું હતું, તેથી બીજા તબક્કાના પુલ માટે ઉદ્ઘાટન નહીં કરતા સીધો જ તેનો શનિવારે સાંજે ખુલ્લો મૂકી દેવામાં આવ્યો હતો. મીઠ ચોકી પુલ પાછળ પાલિકાએ પંચાવન કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે.

ઉત્તર મુંબઈના સાંસદ પીયૂષ ગોયલ દ્વારા શનિવારે મીઠ ચોકીના પુલના કામનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને કામ લગભગ પૂરું થઈ ગયું હોવાનું જણાતા સુધરાઈના અધિકારી સાથે ચર્ચા કર્યા બાદ પુલને તાત્કાલિક ધોરણે નાગરિકો માટે ખુલ્લો મૂકી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

પાલિકાએ ૧૦ જાન્યુઆરી સુધીમાં પુલનું કામ પૂરું કરવાનું વચન આપ્યું હતું. તે મુજબ કામ પૂરું થઈ ગયું હોવાથી ઉદ્ઘાટનની મગજમારી નહીં કરતા શનિવારથી આખો પુલ વાહનવ્યવહાર માટે ખોલી મૂકવામાં આવ્યો હતો.

ફ્લાયઓવરના પહેલા તબક્કાનું ઉદ્ઘાટન ઑક્ટોબર, ૨૦૨૪ દ્વારા કરવામાં આવ્યું હતું, એ દરમિયાન કૉંગ્રેસ અને ભાજપના સભ્યો વચ્ચે આ પુલનાં કામનું શ્રેય લેવા માટે મોટા પાયે પર રાજકીય ઘર્ષણ ફાટી નીકળ્યું હતું. તાજેતરમાં પણ કૉંગ્રેસના સ્થાનિક વિધાનસભ્ય અસ્લમ શેખના નામે ૧૪ જાન્યુઆરીએ આ પુલને ખુલ્લો મૂકવામાં આવવાના હૉર્ડિંગ લગાડવામાં આવ્યા હતા, તેની સામે શનિવારે સાંસદ પીયૂષ ગોયલે આ પુલની મુલાકાત બાદ પાલિકા અધિકારી સાથે ચર્ચા કર્યા બાદ પુલને ખુલ્લો મૂકી દેતા ફરી એક વખત કૉંગ્રેસ અને ભાજપ પુલને લઈને સામ-સામે થઈ ગઈ હતી. મીઠ ચોકી ફ્લાયઓવરને બે મુખ્ય માર્ગ સાથે ડિઝાઈન કરવામાં આવ્યો છે, જેથી ટ્રાફિક મુવમેન્ટ સરળતાથી રહે અને મલાડમાં કનેક્ટિવીટી સુધારી શકાય. હાલ પૂર્વ તરફનો માર્ગ ટ્રાફિક માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે, જે ગિરધર પાર્ક બ્રિજ નજીકથી જે મલાડ ક્રિક પરથી પસાર થાય છે. બ્રિજનો પશ્ચિમ તરફનો રોડ સેન્ટ જોસેફ સ્કૂલ નજીક ઊતરે છે. ■

## મકરસંક્રાંતિ નિમિત્તે રાજુલા પાંજરાપોળને અનુદાન આપવા જાહેર અપીલ

મુંબઈ: ઉત્તરાયણના પુનિત, પાવન, પવિત્ર પર્વના પુણ્યકાળમાં ગૌદાન એજ શ્રેષ્ઠદાન છે એમ આપણા શાસ્ત્રકારોએ વર્ણવ્યું છે. ગૌસેવા એજ શ્રેષ્ઠ પ્રભુસેવાના એક માત્ર ઉમદા ઉદ્દેશ્યને વરેલી છેલ્લાં ૫૭ વર્ષથી અમરેલી જિલ્લાના રાજુલામાં કાર્યરત પૂ. પૂંજાબાપુ દ્વારા સ્થાપિત અને શ્રી કલ્યાણકારી સર્વોદય જીવદયા સંઘ દ્વારા સંચાલિત પાંજરાપોળમાં આશરે ૬૦૦ અંધ, લંગડી, કેન્સરગ્રસ્ત, દૂધ ન આપતી વસુકી ગયેલી ગૌમાતાઓ અને અનાથ વાંછરડાઓની સેવા થાય છે. આ પાંજરાપોળ/ સંસ્થાનો નિભાવ માત્ર દાતાઓના ગૌદાનથી થાય છે અને સહાયની અત્યંત જરૂર છે. પાંજરાપોળની બીમાર, વિકલાંગ ગૌમાતાઓ હરીફરી શકે અને તંદુરસ્ત રહે એ શુભ ભાવનાથી ગૌચરણ માટે લેવાયેલી ભૂમિ માટે ‘‘ભૂમિદાન યોજના’’માં માત્ર રૂા. ૫૧,૦૦૦/- + આપનાર દાતાઓના નામ સોનેરી અક્ષરે તક્તિમાં અંકિત કરવામાં આવશે. ■

## અજિત પવાર અને સુપ્રિયા સુળે એક મંચ પર: ઔપચારિકતા પૂરી કરી, અબોલા કાયમ

પુણે: લોકસભાની ચૂંટણી બાદ બારામતી મતદારસંઘમાં કોઈપણ કાર્યક્રમમાં એકસાથે જોવા મળ્યા નહોતા, પરંતુ શનિવારે તાલુકાના અંજનગાંવ ખાતે વીજ વિતરણ કેન્દ્રના ઉદ્ઘાટનના કાર્યક્રમમાં બંને સાથે જોવા મળ્યા હતા. આ વખતે બંને વચ્ચે ઔપચારિકતા જોવા મળી હતી, પરંતુ બંનેએ એકબીજા સાથે બોલવાનું ટાળ્યું હતું.

આ કાર્યક્રમ માટેનું આમંત્રણ મોડું મળ્યું હોવાથી સુપ્રિયા સુળે નારાજ હતા અને આની ફરિયાદ પણ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને કરી હતી, આમ છતાં કાર્યક્રમના સ્થળે સુપ્રિયા સુળે વહેલા પહોંચી ગયા હતા. અજિત પવાર કાર્યક્રમ માટે મોડા આવ્યા હતા. તેમનું આગમન થયું ત્યારે સુપ્રિયાને હાજર જોઈને તેમણે દૂરથી નમસ્કાર કર્યા હતા. સુપ્રિયાએ પણ નમસ્કારનો જવાબ નમસ્કારથી આપ્યો હતો.

ત્યારબાદ અજિત પવારે રિબિન કાપી ત્યારે સુપ્રિયા સુળેએ તાળી મારીને દાદ આપી હોવાનું પણ જોવા મળ્યું હતું. જોકે, ભાઈ-બહેને જાહેરમાં એકેય શબ્દની આપ-લે કરી નહોતી. ■

## લગ્નની લાલચે પ્રેમિકા પર બળાત્કાર

થાણે: થાણે જિલ્લાના કલ્યાણમાં લગ્નની લાલચે પ્રેમિકા પર બળાત્કાર ગુજારવાના આરોપસર પોલીસે ૨૯ વર્ષના પ્રેમી વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેની શોધ આદરી હતી. આરોપી તમિળનાડુનો વતની છે, જ્યારે પીડિતા જહાજ બાંધણીના વ્યવસાય સાથે સંકળાયેલી છે. બંને વચ્ચે ૨૦૨૦માં મિત્રતા થઇ હતી.દરમિયાન બંને વચ્ચેની મિત્રતા પ્રેમમાં પરિણમી હતી અને આરોપીએ લગ્નની લાલચે ફેબ્રુઆરી, ૨૦૨૦થી નવેમ્બર, ૨૦૨૪ દરમિયાન અનેકવાર તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. (પીટીઆઇ)■

## સંજોગો અને સમય સાથે રમાતા દાવપેચનું રોચક થ્રીલર... ‘એક રમત સમય સાથે’



‘એક રમત સમય સાથે’ ગુજરાતી મંચ પર રજૂ થયેલી એક અનોખી થ્રિલર વાર્તા છે અને જુંબિશ છે ભ્રષ્ટાચાર સામે, જે પ્રેક્ષકોને ચારે બાજુથી જકડી રાખે છે. નિર્માતા આસિફ પટેલ દ્વારા લાવવામાં આવેલ નાટકની વાર્તા ત્યાંથી શરૂ થાય છે જ્યાં ભારતના ટોચના હાર્ટ સર્જન દેવાંગ ધોળકિયાની દીકરી અનાયા કિડનેપ થઈ જાય છે. મકરંદ વાઘેલા અને તેની ટીમ અનાયાને કિડનેપ કરી અધધધ રૂપિયાની માગણી કરે છે, અને શરૂ થાય છે સમય સાથેની એક રોમાંચક રમત. વિપુલ વિઠલાણીનું અફલાતૂન દિગ્દર્શન તેમ જ વિપુલ વિઠલાણીની અવિસ્મરણીય ભૂમિકા સાથે ગાયત્રી રાવલ, નાયશા ફોઝદાર, શૈલજા શુક્લા, રૂપેશ મકવાણા, તેજસ શાહ અને પરાગ શાહનો પ્રભાવશાળી અભિનય પણ પ્રેક્ષકોના મનમાં ઊંડો પ્રભાવ છોડી જાય છે.

## પાળેલા શ્વાનને ઝેર આપીને મારી નાખ્યો

થાણે: થાણે જિલ્લાના ઉલ્હાસનગરમાં અજાણી વ્યક્તિએ પાળેલા શ્વાનને ઝેર આપી મારી નાખ્યો હોવાની ઘટના સામે આવતાં પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

શ્વાનના માલિકે પોલીસને જણાવ્યું હતું કે શ્વાન અચાનક ગાયબ થતાં તેની શોધ ચલાવાઇ હતી. ૬ જાન્યુઆરીએ ઉલ્હાસનગર કેમ્પ નંબર-૩ ખાતે શ્વાન જમીન પર મૃત અવસ્થામાં મળી આવ્યો હતો. આ ઘટના બાદ શ્વાનના માલિકે પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. (પીટીઆઇ)■

## “વાઈફ હેપ્પી તો લાઈફ હેપ્પી”

### દરેક ઉંમરના પ્રેક્ષકોને ખડખડાટ હસાવી જલસો કરાવી દેતું નાટક



કહેવાય છે કે કોઈને ખડખડાટ હસાવવું ખૂબ જ અઘરું કાર્ય છે પણ આ નાટક આ અઘરા કામને ખૂબ જ સરળતાથી અને સફળતાથી નિભાવી જાય છે. આખો પરિવાર સાથે બેસી માણી શકે એવી નિર્દોષ કોમેડી, નિમેષ શાહ - મલ્લિકા શાહ જેવા ખમતીધર કલાકારોનો પાવરફુલ અભિનય અને દરેક પળે પ્રેક્ષકોને વાહ વાહ કહેવા પ્રોત્સાહિત કરતું લેખન - દિગ્દર્શન આ નાટકનું જમાં પાસું છે. વારંવાર પ્રેક્ષકોને વન્સમોર કરવા મજબૂર કરતું આ નાટક દરેક ગુજરાતીએ જોવું જ રહ્યું. સમીર રાજડા, વિશ્વા ગરાછ અને જય ભટ્ટનો ધારદાર અભિનય નાટકને જાનદાર બનાવવામાં મહત્વનો ફાળો આપે છે. નિમેષ શાહનું આ નવું નક્કોર નાટક ટૂંક સમયમાં અમેરિકા, કેનેડા અને લંડનની જાજરમાન સફરની પણ તૈયારી કરી રહ્યું છે.

## પાલઘરમાં અપહરણ બાદ યુવકની હત્યા: બે ફરાર આરોપી પકડાયા

પાલઘર: પાલઘર જિલ્લામાં ૨૭ વર્ષના યુવકનું અપહરણ કર્યા બાદ તેની હત્યા કરવાના કેસમાં બે ફરાર આરોપીને પોલીસે પકડી પાડી લોકઅપભેગા કરી દીધા હતા. આરોપીઓની ઓળખ રોહન વિશ્વનાથ સિંહ (૨૮) અને અખિલેશ યાદવ (૨૪) તરીકે થઇ હોઇ તેમને વિરારથી શુક્રવારે તાબામાં લેવાયા હતા.

ડેપ્યુટી પોલીસ કમિશનર જયંત બજબલે કહ્યું હતું કે ૧૨ જણની ટોળકીમાં બંને આરોપી સામેલ હતા અને તેમણે ૧૨ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સુધીર કુંજબિહારી સિંહ (૨૭)નું અપહરણ કર્યું હતું. સુધીર સિંહને તેઓ રિક્ષામાં ગોરાઇપાડા વિસ્તારમાં લઇ ગયા હતા, જ્યાં તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી તેની હત્યા કરવામાં આવી હતી.

આ કેસમાં સાત આરોપીની અગાઉ ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે પાંચ આરોપી ફરાર હતા. દરમિયાન પોલીસે મળેલી માહિતીને આધારે ગુનામાં સંડોવાયેલા બંને આરોપીને વિરારના ભાતપાડા વિસ્તારમાંથી પકડી પાડ્યા હતા. (પીટીઆઇ)■

